
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | વીર. ... ... ... ... | શાહ બાબુલાલ પાનાચંદ ... | ૫૧ |
| ૨ | પ્રતિબિંબ. ... ... ... | ( રા. સુશીલ ) ... ... | ૫૨ |
| ૩ | સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ... | ( અનુવાદ ) ... ... | ૫૭ |
| ૪ | શ્રવણ અને સંસ્મરણ. ... ... | ( રા. સુશીલ ) ... ... | ૬૦ |
| ૫ | સ્વાધ્યાય. ... ... ... | ( રા. ચોકસી. ) ... | ૬૪ |
| ૬ | લિચ્છવી જાતિ.... ... ... | ( રા. સુશીલ ) ... ... | ૬૫ |
| ૭ | અલ્લુકૃત ભાવના. ... ... | ( રા. મોહનલાલ દલીચંદ દેશાઇ ) ... | ૬૮ |
| ૮ | સ્વીકાર અને સમાલોચના. ... ... | ... ... ... | ૭૨ |


## લાઇફ મેમ્બર સાહેબોને ભેટ.

અમારા માનવંતા પેટ્રન અને લાઇફ મેમ્બર સાહેબોને નીચે મુજબના પાંચ ગ્રંથો ભેટ આપવાના છે. આ પાંચ ગ્રંથો કેવા ઉપયોગી છે, સાથે સુંદર, આકર્ષક, મનહર અક્ષરો, બાઇડીંગ, છાપકામ અને છબીઓ, સાથે ભવિષ્યમાં વિશેષ વખત જળવાઇ રહે અને વાંચતા પણ આત્માનો આલ્હાદ ઉત્પન્ન કરે તેવા વિષયો છે. દર વખત આ પ્રમાણે ચરિત્રો વગેરેના ગ્રંથો ભેટ આપવામાં આવતા હોવાથી ઉચ્ચ અને સુંદર સાહિત્ય પ્રકાશન તરીકે સભાની પ્રશંસા થવા સાથે દરવર્ષે લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થયા કરે છે. બુદ્ધિશાળી મનુષ્ય જ વસ્તુની કિંમત કરી શકે છે. અને જ્યાં ઉચ્ચ અને સુંદર સાહિત્ય પ્રકટ કરવાની જ સેવાભાવે ફરજ હોય અને નફો મેળવવાની જ ખાસ આકાંક્ષા ન હોય કે ગૌણ હોય તો જ આવું સાહિત્ય પ્રકટ કરી શકાય છે, તે સહજ સમજી શકાય તેવું છે.

### ગ્રંથોના નામો

૧ **શ્રીપાળ મહારાજનો રાસ**-સચિત્ર અર્થ, વિધિવિધાન, સ્નાત્રો, પૂજાઓ, દેવવંદન વગેરે અનેક વસ્તુઓ સહિત. રૂા. ૨-૮-૦ (આવો ગ્રંથ હજી સુધી પ્રકટ થયોજ નથી.)

૨ **શ્રી સુરસુંદરી ચરિત્ર**-(સ્ત્રી ઉપયોગી ખાસ સુંદર રસપૂર્ણ કથા) રૂા. ૧-૮-૦

૩ **જૈન દર્શન**-વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિયે લખાએલ. રૂા. ૧-૦-૦

૪ **શ્રી સંવેગદ્રુમકંદલી**-જૈન અધ્યાત્મગીતા (સંસારથી બળીઝળી રહેલા આત્માને પરમ શાંતિરૂપી ઔષધરૂપ. રૂા. ૦-૪-૦ ( મૂળ ભાષાંતર સાથે )

૫ **શ્રી સામાયિક-ચૈત્યવંદન સૂત્ર** (શબ્દાર્થ, અન્વયાર્થ ને ભાવાર્થ સાથે) જૈન ધર્મના પ્રાથમિક અભ્યાસ માટે બાળકો માટે અવશ્ય ઉપયોગી. અઢી આના.

ઉપરોક્ત પાંચે ગ્રંથો ચાલતા માસની ધનતેરશના દિવસથી બહારગામના લાઇફ મેમ્બર સાહેબોને પોસ્ટેજ રૂા. ૧-૧-૦ પૂરતા પૈસાનું વી૦ પી૦ કરી ( બીજા વર્ગના લાઇફ મેમ્બર સાહેબોએ ધારા પ્રમાણે નં. ૧ ના ગ્રંથના વધારાની કિંમતના આઠ આના) સાથે વી૦ પી૦ કરી મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતિ છે.

આ શહેરના લાઇફ મેમ્બર સાહેબોએ સભાની ઓફીસમાંથી ધારા પ્રમાણે મંગાવી લેવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ–ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. आश्विन. आत्म सं. ३९. { अंक ३ जो.

## વીર.

અહિંસા શસ્ત્ર હસ્તે ધરતો, સંયમ ધારી સદા વિચરતો;
કાયને કષ્ટિ તપ આદરતો, એ વીર એ વીર.

પ્રાણી માત્રને સમાન ભાળતો, ના કોઇનું કાંઈ સ્મરતો;
સદા સંતોષી સુખી રહેતો, એ વીર એ વીર.

વન–વગડે નિત્ય વસતો, અખીલ અવનીને સ્મરણ બક્ષતો;
જીવન મુકી ચાલ્યો ગયો, એ વીર એ વીર.

શાહ. બાબુલાલ પાનાચંદ ( નડોદવાળા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

( લે—રા.સુશીલ. )

## " હેમુ " કોણ હતો ?

ગુજરાતી નિશાળના વિદ્યાર્થીઓ પણ " હેમુ " નું નામ ગોખે છે, ' હેમુ ' ને ઓળખે છે. " હેમુ " એક દિવસે દિલ્હીના સામ્રાજ્યનો આધાર-સ્તંભ હતો. અંગ્રેજ–ઇતિહાસકારો કહે છે કે " હેમુ " હતો તો વાણીયો, પણ ઘણો બહાદૂર હતો. એ પોતાની બહાદૂરી અને જવાંમર્દીથી પઠાણો અને મોગલ–સુબાઓનો પણ માનીતો થઈ પડયો હતો. એની વીરહાક પંજાબ, બંગાળ અને મધ્ય હિંદુસ્તાનમાં પણ વાગતી. પાણીપતના મેદાનમાં પણ હેમુએ પોતાનું પાણી બતાવી આપ્યું હતું.

" હેમુ, કદમાં બહુ ઠીંગણો હતો. દેખાવે દુબળો હતો. ઘોડેસ્વારી એને અનુકૂળ ન્હોતી; છતાં એ બાવીસ જેટલાં યુદ્ધ લડ્યો હતો અને એ બધામાં એને વિજયકીર્ત્તિ જ મળી હતી. " એક બીજો ઇતિહાસલેખક ઉમેરે છેઃ

મુસલમાન અમીરો અને ઉમરાવોની જ્યારે ચો–તરફ બોલબાલા બોલાતી હોય એવે વખતે ' હેમુ ' જેવો એક વાણીઓ સેનાપતિનું આસન દબાવી બેસે એ કેટલાકોને મન બહુ આશ્ચર્યજનક લાગે છે. હેમુને વાણીયો, દુકાનદાર કહેનારાઓ પણ કબૂલ કરે છે કે એ ઘણો તાકાતવાળો હતો. એનું મનોબળ પણ ગજબનું હતું.

' હેમુ ' માત્ર લડવૈયો જ ન્હોતો. મહમદ આદીલશાહના વખતમાં જે સામ્રાજ્ય ટૂટતું હતું તેને પોતાના બુદ્ધિબળથી બચાવી લેનાર આ હેમુ જ હતો. એ પાકો મુસદ્દી પણ હતો. વીરતા અને મુસદ્દી એ બન્ને દેવીઓની કૃપા હેમુ ઉપર વરસતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. ૫ મી નવેમ્બર–૧૫૫૬ ને દિવસે હેમુ ઉપર ભાગ્ય રૂઠયું. પાણી–પતના મેદાનમાં હેમુ અને બેરામ–ખાં વચ્ચે યુદ્ધ થયું. અંગ્રેજ–ઇતિહાસ-લેખક, અહીં હેમુને અભિનંદતા કહે છે કે: Hemu showed the most heroic courage—હેમુએ ખૂબ શૌર્ય બતાવ્યું. કમનસીબે એક તીર અણધાર્યું આવ્યું અને એ હેમુની આંખમાં ભોંકાયું. આંખમાંથી લોહીની નીક વહી નીકળી.

એટલું છતાં હેમુ હિમ્મત ન હાર્યો. એ મરણીઓ બની છેક છેલ્લી ઘડી સુધી ઝૂઝયો. આખરે એ આંખની વેદનાથી બેભાન બન્યો. બેરામખાંના માણસોએ એને પકડયો.

જખમી બનેલા હેમુને, અકબરના તંબુમાં, હારેલા દુશ્મનરૂપે રજુ કરવામાં આવ્યો. અકબર એ વખતે ૧૩–૧૪ વર્ષનો હતો. એની વતી બેરામ–ખાં બધું કામકાજ કરતો.

હેમુ પોતાના સુલતાન–આદીલશાહની ગાદી સલામત રાખવા લડયો હતો; પણ એ હિંદુ હતો એટલા જ ખાતર બેરામ–ખાંએ અકબરને કહ્યું: “આ કાફરના ખૂનમાં તમારી તલવાર રંગો, અને “ઘાઝી” બનો”.

અકબરે, પકડાયેલા દુશ્મનને હણવાની સાફ ના પાડી. બેરામ-ખાં એથી ખીજાયો. તેણે પોતે ત્યાં ને ત્યાં હેમુનો શિરચ્છેદ કર્યો. એ રીતે હેમુ, પોતાના માલેકની ખાતર લઢતાં મરાયો.

પણ એ હેમુ કોણ હતો? આપણે આપણા પોતાના વીર-પુરૂષોને ઓળખવાની પણ કયારે દરકાર કરી છે?

“હેમુ” એક પાકો જૈન હતો. એમણે શ્રી શાન્તિનાથજીનું એક મંદિર પણ બંધાવ્યું છે. હેમુના એક પૂર્વજ–નાનુદેવને શ્રી જિનદત્તસૂરિએ જૈનધર્મની શ્રાવકપણાની દીક્ષા આપી હતી.

હેમુનો જન્મ સં. ૧૫૫૪ માં થયો હતો. ફરીદ-ખાં પઠાણ અને હેમુ બન્નેએ સાથે જ બંગાળામાં રહી વિદ્યાભ્યાસ કર્યો હતો–લશ્કરી તાલીમ પણ બન્નેએ સાથે જ લીધી હતી.

ફરીદ–ખાંએ શેર–ખાંની ઉપાધી ગ્રહણ કરી. હેમુની મદદથી શેર–ખાંએ દિલ્હીની પાદશાહી મેળવી. હેમુની સલાહથી જ શેર–ખાંએ મ્હોટી સડકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી. વટેમાર્ગુઓને સારૂ આશ્રમભૂમિઓ તૈયાર કરાવી, અન્નક્ષેત્રો પણ ઉઘડાવ્યા.

હુમાયુની એક બેગમને, પોતાની સગી બ્હેન જેવી ગણી માનપૂર્વક વિદાય કરનાર આ હેમુ જ હતો. હેમુ હુમાયુનો દુશ્મન હતો, પણ દાનો દુશ્મન હતો.

હેમુનું આખું નામ હેમરાજજી છે. એમના પિતાનું નામ શ્રેષ્ઠી રાજપાળજી હતું. રાજપાળજી, બંગાળના સુબાના મંત્રી હતા. સુબો પોતે હેમરાજજીને "હેમુ" ના વ્હાલસોયા નામથી બોલાવતા. હેમરાજજી પાછળથી હેમુના નામે ઇતિહાસના પાનામાં પંકાઇ ગયા.

પોતાની ખાનદાનીનું ખૂબ ખૂબ અભિમાન ધરાવનાર પઠાણ-જાતિમાં એક ઓસવાલ કૂળનો-જૈન ધર્મનો અનુરાગી આવું ઉંચુ સ્થાન પામે, પોતાની દિલાવરીથી એ સ્થાન મૃત્યુપર્યંત જાળવી રાખે એ કંઇ ઓછા ગૌરવની વાત નથી. પઠાણુ પોતે લડાયક કોમ છે. એ લડાયક સૈન્યની સરદારી હેમુને મળે એ એક અસાધારણુ પ્રસંગ છે.

હેમુ, કુલ્લે ૫૮ વર્ષ જીવ્યો. પચીસમા વર્ષે એના લશ્કરી જીવનનો આરંભ ગણીએ તો પણ ઓછામાં ઓછા ત્રીસ-બત્રીસ વર્ષ લગી એણે યોદ્ધાનું જીવન ગાળ્યું હોવું જોઇએ.

હેમુ જેવા કોણુ જાણે, કેટલાય આપણા જૈન વીરો, ઇતિહાસના ખંડીયેરોમાં દટાઇ રહ્યા હશે?

હેમુ જેવા સેનાપતિઓ જે સમાજમાં જન્મ્યા હોય એ સમાજે પોતાના દયાધર્મને લીધે દેશને પરતંત્ર બનાવ્યો એમ કહેવું એ કેવું હડહડતું જુઠાણું છે! જૈનોની અહિંસાએ દેશને દુર્બળ બનાવ્યો એમ કહેનારાઓ હિંદુસ્તાનનો તાજો મધ્યકાળનો ઇતિહાસ વાંચવાની તકલીફ પણ ભાગ્યે જ લે છે.

અંદર-અંદરના કુસંપ-કલેશ, અભિમાન અને ઇર્ષા-અસૂયાને લીધે જ સમાજ તેમજ રાષ્ટ્રની શકિત છિન્નભિન્ન બને છે. પરદેશીઓના આક્રમણ વખતે આપણે એવા જ નાગપાશથી બંધાયા હતા. અહિંસા કે દયાને દોષપાત્ર ઠરાવનારાઓ સાચા ચિકિત્સક નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયાધર્મીઓ પણ પુણ્ય–પ્રકોપ દાખવે છે. દયાધર્મીઓ પણ સ્વામીભક્તિ કે રાષ્ટ્રભક્તિ બતાવી શકે છે. દયાધર્મ ગુલામી અને સ્વતંત્રતાના ભેદ પીછાને છે. દયાધર્મ એટલે કેવળ નિષ્ક્રિયતા એવો અર્થ કોઇ ન કરે.

હેમુના પૂર્વજો મારવાડ–મેવાડમાંથી બંગાળ તરફ ગયા હતા. હેમુ પંજાબ સુધી લશ્કરી ટુકડી સાથે પહોંચ્યો હતો. અહિંસાધર્મી વાણીઓ, ખરી તાલીમ મળવાથી કેવી વીરતા બતાવે છે તે હેમુના જીવનમાંથી આપણને જાણવાનું મળે છે. 'હેમુ', બ્હેરામખાંની તરવારથી મરીને અમર થયો, બ્હેરામખાં વધુ દિવસ જીવતો રહ્યો છતાં એ પોતાની કાયરતાને લીધે કલંકિત બન્યો.

## જૈન મુનિઃ મુક્તિમાર્ગનો સૈનિક—

સ્વ. આત્મારામજી મહારાજ પોતે કડકપણે નિયમનું આચાર–વ્યવહારનું પાલન કરતા અને પોતાના શિષ્યો વિગેરેને પણ, નિયમનું બરાબર પાલન કરવા આગ્રહ કરતા. એક ન્હાનામાં ન્હાની સંસ્થાથી લઇ મોટાં સામ્રાજ્યો પણ કડક નિયમ–પાલન ઉપર જ નભે છે. એક માત્ર નિયમના બળે જ, હજારો કોસ દૂર બેઠેલી અંગ્રેજી સલ્તનત, કરોડો માનવી ઉપર શાસન ચલાવે છે. નિયમભંગ, વિનયભંગ કે સહેજ શિથિલતા સમસ્ત તંત્રને જોખમમાં લાવી મૂકે છે.

જૈન મુનિ એટલે મુક્તિમાર્ગનો એક સૈનિક. સૈન્યો સખ્ત નિયમપાલનથી જ અત્યાશ્ચર્યો કરી બતાવે છે. સૈન્યમાંથી તાલીમ, આજ્ઞાપાલન બાદ કરીએ તો બાકી એક મ્હોટું ટોળું જ રહી જાય. અવ્યવસ્થિત ટોળાને, એક જ તાલીમબધ્ધ સૈનિક, હજારો ઘેટાને જેમ ભરવાડ લાકડી દેખાડી દોરી જાય તેમ, પોતાના કાબૂમાં લાવી શકે છે.

સ્વ. આત્મારામજી પોતે પંજાબના એક ક્ષત્રીય હતા. નિયમપાલન એમના લોહીના અણુ સાથે મળી ગયું હતું, એટલેજ તેઓ પોતે નિયમપાલનમાં જેટલા જાગૃત રહેતા તેટલા જ પોતાના શિષ્ય–પરિવારને પણ સાવચેત રહેવા ઉપદેશ દેતા.

વયોવૃધ્ધ—તપસ્વી પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજીએ, સ્વ. આત્મારામજી મહારાજની કેટલીક પુણ્ય–સ્મૃતિઓ આલેખી છે તેમાં એક સ્થાને આ નિયમપાલનનો પણ થોડો ઉલ્લેખ કર્યો છે. એ હસ્તલિખિત સ્મૃતિનાં પાનાંઓમાંથી અહીં થોડી પંકિતઓ ઉતારૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સાધુના વેષની મહત્તા સમજાવી, સ્વ. આચાર્યશ્રી પ્રત્યેક સાધુને પ્રારંભમાં વિનયનો બોધપાઠ આપતા, કહેતા કેઃ

(૧) મ્હોટા–વડીલ મુનિરાજ, હિતશિખામણરૂપે કંઇ કહે તો ન્હાના સાધુએ તહત્તિ કહી એ વચન સ્વીકારવાં, તોછડી વાણી ન બોલવી. સૌને માન્ય થાય એવી ભાષા બોલવી.

(૨) સ્થંડિલ કે માત્રાદિક માટે બ્હાર જવું પડે ત્યારે પણ પોતે શા માટે, કયાં જાય છે તે ગુરૂ મહારાજ કે વડીલ સાધુને કહેવું: એમની આજ્ઞા મેળવવી.

(૩) ગોચરી કરતાં કે ગોચરીમાં ફરતાં, ગુરૂની આજ્ઞા વિના ભોજન મુખમાં ન નાખવું. આહારના ઉત્તમ પદાર્થ બીજાના ભાગમાં જાય તો પણ આપણે આપણાં અહોભાગ્ય માનવાં.

(૪) જળપાન કરવું હોય ત્યારે પણ શ્રી ગુરૂ મહારાજ આદિને જળની વિનંતિ કરવી, પછી એમની આજ્ઞા લઇ જળપાન કરવું. પેટભરા ન થવું. એક શ્વાસોચ્છ્વાસને બાદ કરી, બાકી બધી વાતમાં ગુરૂ–આજ્ઞા લેવી.

(૫) ગુરૂ મહારાજ કે બીજા મોટા સાધુ બોલતા હોય, વાર્ત્તાલાપ કરતા હોય ત્યારે વચ્ચે ન બોલવું.

(૬) ગુરૂની સાથે ચાલતાં સંઘટ્ટો ન થાય તેમ ગુરૂની પછવાડે જ ચાલવું ગુરૂના આસનને પોતાના વસ્ત્રનો છેડો પણ ન અડે એવી રીતે વર્તવું.

(૭) ગુરૂ મહારાજ ઉપાશ્રયમાં પધારે ત્યાં સર્વ સાધુઓએ ઉભા થઇ ગુરૂજીનું સ્વાગત કરવું. એમની સામે થોડાં પગલાં ચાલી "પધારો સાહેબ" એમ કહેવું.

વિનયધર્મનું જ આ બધું સ્પષ્ટીકરણ છે. સ્વ. આત્મારામજી મહારાજ વિનયને સર્વોપરિ માનતા. આ વિનયના પરિપાલનને લીધે જ તેઓ શિષ્ય-પરિવારને મુક્તિના સૈનિકોનું એક સૈન્ય બનાવી શકયા હતા. મુનિ–મહત્તાના ઝાંખા પડતા દીપકમાં, એ રીતે આત્મારામજી મહારાજે નવો પ્રકાશ પૂર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## ( જીવનનું પરમ ધ્યેય. )

[ ગતાંક પૃષ્ઠ ૩૭ થી શરૂ. ]

આત્માની નિર્વાણ દશાનો પ્રશ્ન સૌથી મહત્ત્વનો હોવાથી તે સંબંધી આપણે હવે વિચાર કરીએ. આત્માને નિર્વાણની પ્રાપ્તિ મૃત્યુ બાદ જ થતી હોય તો આ લોકમાં આત્માને સત્ય સુખ ન હોઇ શકે એ સ્પષ્ટ છે. મૃત્યુ બાદ મુક્તિ એટલે મૃત્યુ બાદ સુખ એ સહજ સમજી શકાય છે. આથી જીવનમુક્તિ-વર્તમાન જીવનમાં મુક્તિનો સિદ્ધાંત એક આવશ્યક પૂર્તિરૂપ થઇ પડે છે. અર્થાત્ જીવનમુક્ત સ્થિતિ અને નિર્વાણએ પરમ સુખદાઇ પ્રાપ્ય ધ્યેયો છે. આ બન્ને ધ્યેયોની સિદ્ધિ એ મનુષ્ય માત્રનું સર્વોચ્ચ કર્તવ્ય છે.

નિર્વાણના સ્વરૂપ સંબંધી સવિસ્તાર વિવેચન નિર્વાણ વિષયક ખાસ પ્રકરણ ( પ્રકરણ પાંચમા ) માં કરવામાં આવ્યું છે. અત્રે માત્ર એટલું જ જણાવવું આવશ્યક છે કે, સંપૂર્ણ સ્વાતંત્ર્ય એ ખરાં સુખનું મૂળ છે; સંપૂર્ણ સ્વાતંત્ર્ય વિના સુખનું સત્ત્વ મળી શકે નહિ. આથી સંપૂર્ણ સ્વાતંત્ર્યમાં અંતરાય રૂપ સર્વ વસ્તુઓનો સ્વાતંત્ર્ય ઇચ્છુકે સંપૂર્ણ વિનાશ કરવો જોઇએ. સ્વાતંત્ર્યની પ્રાપ્તિમાં બાધા રૂપ વસ્તુઓનો નાશ કર્યા વિના સંપૂર્ણ સ્વાતંત્ર્ય શકય નથી. અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય વિના પરમ સુખની પ્રાપ્તિ પણ અશકય જ છે. તાત્પર્ય એ કે પરમ સુખના વાંચ્છુકે પ્રભુત્વ સિદ્ધ કરવું જોઇએ; પ્રભુત્વમાં જ સંપૂર્ણ સ્વાતંત્ર્ય અને ખરૂં સુખ છે. મનુષ્યે સંપૂર્ણ સુખ મેળવવું હોય તો પ્રભુત્વ મેળવવું. પ્રભુત્વ એટલે સર્વજ્ઞતા અને સર્વ શક્તિમાનતા પ્રભુત્વ એટલે પરમ સુખ અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય.

પ્રભુત્વ પ્રાપ્ત કરવાની-સ્વયમેવ પ્રભુ થવાની મહત્ત્વાકાંક્ષા રાખવી એ કોઇને કદાચ પ્રભુની નિંદા કે ઉન્માદ રૂપ લાગશે, પણ વસ્તુતઃ એવું કશુંયે નથી. પ્રભુત્વની સિદ્ધિ એ સર્વથા સંભાવ્ય હોવાથી પ્રભુત્વ પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું એ મનુષ્યનો સર્વોચ્ચ આદર્શ છે. પ્રભુત્વ એટલે વેદાંતની માન્યત અનુસાર સચ્ચિદાનંદમય સ્થિતિ: પ્રભુત્વ એટલે અમર જીવન, સર્વજ્ઞતા અને પરમ સુખમય સ્થિતિ. પ્રભુત્વથી પર બીજો કોઇ પણ આદર્શ સંપૂર્ણ સુખ દાયી ન હોવાથી આત્માના પરમ શ્રેય માટે તે ઇષ્ટ નથી.

મનુષ્ય જાતિ પ્રભુત્વની પરિસિમાએ પહોંચે એ ધર્મનો પ્રધાન ઉદ્દેશ છે. મનુષ્યની ધર્મવૃત્તિ સત્ય સુખની તીવ્ર ઇચ્છાથી પરિણમે છે. આથી દરેક વિચારશીલ મનુષ્ય સુખના ઉત્કટ ભાવથી ધર્મવૃત્તિનુ અવલંબન કરે છે. શારીરિક વ્યાધિમાં કુશળ વૈદની ચિકિત્સા ઉપકારક થઇ પડે છે, પણ એવો કોઈ પ્રવીણ વૈદ્ય-ચિકિત્સક હોતો નથી કે જેની ચિકિત્સા અને રોગોપચારથી મનુષ્યનાં માનસિક દુઃખ અને વ્યાધિનું યથાર્થ નિવારણ થઇ શકે. કોઇ પણ ઔષધથી માનસિક દુઃખનું પરિશમન નથી થતું. માનસિક દુઃખનું શમન ફક્ત જ્ઞાની પુરુષોના ઉપદેશ રૂપી અમૃતપાનથી જ થાય છે, આથી જ મનુષ્ય દુઃખદ અવસ્થામાં જ્ઞાની મહાત્માઓના પરમ બોધનો આશ્રય લે છે. કોઈ ને કોઇ રીતે જ્ઞાનીઓનું શરણુ લેવામાં તેનો આત્મા દુઃખથી મુક્ત થઇ સુખનો અનુભવ કરે છે. જ્ઞાનીઓએ જીવનને માટે વિહિત કરેલા નિયમો એવા કલ્યાણકારી છે કે એ નિયમોના યથાર્થ પાલનથી આત્માનું કલ્યાણ થઇ જાય છે. જ્ઞાનીઓની આજ્ઞાના વિવેકપૂર્વક પાલનથી પ્રભુત્વ ( સચ્ચિદાનંદમય સ્થિતિ ) પ્રાપ્ત થાય છે. સદ્ધર્મ આ રીતે આત્માને પ્રભુત્વ આપનારૂં પરમ સાધન છે. ધર્મની આ પ્રબળ શક્તિને કારણે તેના નિયમોનો અનાદિ કાળથી સ્વીકાર થતો આવ્યો છે.

જે ધર્મનાં પાલનથી તેના અનુયાયીઓને વધારેમાં વધારે સુખ મળી શકે છે તેજ ધર્મને શ્રેષ્ઠ ધર્મ કહી શકાય. આથી જે ધર્મનો ઉદ્દેશ મનુષ્ય જાતિને પ્રભુત્વની સર્વોચ્ચ કક્ષાએ લઇ જવાનો ન હોય તે ધર્મમાં ઉત્કૃષ્ટતા સંભવી શકે નહિ. એવો ધર્મ બુદ્ધિશાલી મનુષ્યોની કસોટીમાં જરૂર નિષ્ફળ જાય છે. ખરી પ્રાણશક્તિને અભાવે આવા ધર્મોનો વિનાશજ સરજાયલો છે એ નિઃસંશય છે.

કુદરતના મહાન્ સત્યો ઉપર નિર્ભર રહેલ સદ્ધર્મજ ચિરકાળ સુધી ટકી શકે છે. પૂર્વકાલીન ઋષિ મહાત્માઓએ પ્રકૃતિનાં ગૂઢ અને મહાન્ સત્યોની ઝાંખી કરી એ સત્યોને અનુરૂપ જગત્‌ને ધર્મદીક્ષા આપી. ધ્યાન અને નિશ્ચયથી મેળવેલું તેમનું જ્ઞાન હાલનાં પુસ્તકીયાં જ્ઞાન કરતાં ઘણુંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચ પ્રતિનું હતું. તેમણે કુશાગ્ર બુદ્ધિ, સતત ઉદ્યોગ અને તીવ્ર ઉત્સાહથી સત્યની બને તેટલી ખોજ કરી. અવિરત શ્રમથી તેમણે સત્યના સર્વ નિયમોનું ઉત્કૃષ્ટ રીતે નિરૂપણ કર્યું. સદ્ધર્મનાં યથાયોગ્ય પાલનથી તેમને પ્રભુત્વનો સાક્ષાત્કાર પણ થયો.

આવા સમર્થજ્ઞાની મહાપુરૂષોનાં જ્ઞાનનો લાભ જનતાને ક્રમશઃ પ્રાપ્ત થયો. પણ જ્ઞાનીઓનું કથન યથાર્થ સ્વરૂપમાં ન સમજાયાથી અનેકવિધ ધર્મો અને ભિન્નભિન્ન પંથોનો સાહજીક રીતે ઉદ્ભવ થયો દુનીયામાં ધર્મો ગમે તેટલા હોવા છતાં સ્વરૂપની દૃષ્ટિએ તેમના બેજ પ્રકાર છે. ધર્મના આ બે પ્રકાર તે 'આસ્તિક ધર્મ' અને 'નાસ્તિક ધર્મ' એમ કહી શકાય. આસ્તિક ધર્મ એટલે જે ધર્મમાં પ્રભુની માન્યતાને સ્થાન છે તે ધર્મ. નાસ્તિક ધર્મોમાં પ્રભુની માન્યતા કે પ્રભુ પ્રત્યે શ્રદ્ધાને સ્થાન હોતુંજ નથી.

આસ્તિક ધર્મોના ત્રણ પ્રકાર છે. આમાંનો પ્રથમ પ્રકાર નિકૃષ્ટ કોટિનો છે. ધર્મના આ પ્રકારમાં ઇશ્વરને સૃષ્ટિના કર્તા અને પાલક તરીકે માનવામાં આવે છે. વળી એ પ્રકાર અનુસાર ઇશ્વરને પ્રકૃતિ અને માનવ આદિ આત્માઓથી પર ગણવામાં આવે છે. ઈશ્વર સ્વચ્છંદી, મનસ્વી, અનિયંત્રિત સત્તાધારી, ભયરૂપ અને રૌદ્રમૂર્ત્તિ પણ મનાય છે. સ્વર્ગીય જીવનનું સુખ એ આ ધર્મપંથનો મુખ્ય આદર્શ છે. સ્વર્ગમાં કન્યાગામિત્વ આદિ વિષય વિલાસોનું પણ સેવન થઇ શકે છે એવી સ્વર્ગસુખ સંબંધી આ પંથના અનુયાયીઓની માન્યતા છે. ધર્મ, ઇશ્વર અને સ્વર્ગ સંબંધી કેવું વિચિત્ર અને ક્ષુદ્ર મંતવ્ય સંભવી શકે છે તેનું આ એક પ્રત્યયકારી દૃષ્ટાન્ત છે.

આસ્તિક ધર્મોનો બીજો પ્રકાર એવો છે જેમાં ઈશ્વર અને સૃષ્ટિને એક્ રૂપ ગણવામાં આવે છે. શુન્યમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થયાનું કેટલાક પાશ્ચાત્યો માને છે તેવી આ ધર્મપંથની માન્યતા નથી. સૃષ્ટિની ઉત્પત્તિ પ્રભુમાંથી જ થઇ એવું આ પંથવાળાઓ સાફ સાફ માને છે. પરમાત્મા, પ્રકૃતિ અને ભિન્ન ભિન્ન આત્માઓ એક જ વસ્તુનાં વિવિધ સ્વરૂપો છે એવું મંતવ્ય ઉપસ્થિત કરી આ પંથના અનુયાયીઓ આત્માનું પરમાત્મામાં વિલીન થવું એ પોતાનું પરમ ધ્યેય હોવાની ઘોષણા કરે છે. આબીજા પંથનો પ્રધાન આદર્શ આસ્તિક ગણાતા પહેલા પંથના આદર્શ કરતાં ચઢીયાતો છે. આમ છતાંએ આ આદર્શ સયુક્તિક ન હોવાથી દોષપૂર્ણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ અને સંસ્મરણ

( રા. સુશીલ. )

## ( ૨ ) નિત્ય–અનિત્ય

આપણે અનિત્ય ભાવના ભાવીએ છીએ. સંસારનાં સુખ–સૌભાગ્ય પાણીનાં પરપોટાં જેવા વિનાશશીલ છે એ માનીએ છીએ; છતાં એ પ્રકારનાં અનિત્ય–ક્ષણિક સુખ તરફ આપણે આકર્ષણ જ નથી અનુભવતા એમ કોઈ કહી શકશે ? સારા તપસ્વીઓ અને ત્યાગીઓને પણ એ આકર્ષણે ચળાવ્યા છે. ભૂતના ભડકાને માયાવી માનનારાઓ પોતે જ કોઈ કોઈ વાર એની પાછળ દોડ્યા છે.

અનિત્ય વસ્તુ તરફનું આકર્ષણ આસક્તિના બીજની ગરજ સારે છે. લાલસા અને ઇચ્છાશક્તિની દુર્બળતા એ આસક્તિના બીજને પાણી પાઈ ઉછેરે છે.

---

આત્મા સંપૂર્ણ પ્રભુત્વ, પૂર્ણતા અને પરમ સુખ પ્રાપ્ત કરી શકે છે એવાં મંતવ્યયુક્ત ત્રીજા પ્રકારનો આસ્તિક પંથ છે. સત્યનો સર્વોચ્ચ રીતે સાક્ષાત્કાર કરી, આત્માનું અધિરાજ્ય મેળવી જેમણે પરમાત્માનું પરમ પદ પ્રાપ્ત કર્યું છે તે સર્વનો આ ત્રીજા પ્રકારમાં સમાવેશ થાય છે. આત્માને પ્રભુત્વ આપી, મુક્ત આત્માઓને પરમાત્મારૂપ ગણનાર આ ધર્મપંથ અનાદિ કાળથી પ્રચલિત છે. એનું અધિરાજ્ય જનતાનાં હૃદય ઉપર સર્વકાળથી ચાલ્યું આવે છે એ તેની પ્રબળ સત્તા અને જીવનશક્તિની સાક્ષીરૂપ છે.

પ્રત્યેક આત્મા પોતાનો પ્રભુ હોવાની માન્યતા પૂર્ણાવસ્થા–સિદ્ધસ્થિતિનો પરમ આદર્શ છે. આત્માની સર્વોચ્ચ મહત્ત્વાકાંક્ષાને આ આદર્શ અનુરૂપ છે; આથી જે મહાપુરૂષે પોતાનાં જીવનમાં આ પરમ ધ્યેયનો સાક્ષાત્કાર કરી એ આદર્શની સિદ્ધિ માટે જનતાને અનુપમ બોધ આપ્યો તે સમર્થ મહાપુરૂષ માનવજાતિના પ્રથમ મહાન્ ગુરૂ અને સત્ય ધર્મના આદ્ય સંસ્થાપક હતા એમ નિર્વિવાદ રીતે કહી શકાય. [ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિત્યને વસ્તુતઃ અનિત્ય માનવા છતાં એટલે કે અનિત્યની પ્રાપ્તિમાં સરવાળે તો સુખને નામે શૂન્ય જ મળવાની છે એમ જાણવા છતાં જે એનું આકર્ષણ અનુભવે છે તેની સાથે એક દારૂડીયાની દશા બરાબર સરખાવી શકાય. દારૂ પીનાર, પોતાની સાવધ દશામાં સમજતો હોય છે કે દારૂ એ કંઈ સ્થાયી સુખ આપનારી વસ્તુ નથી. દારૂનો નીસો એને ગટર જેવા ગંદા સ્થાનમાં ગબડાવે છે. પરિણામે નીસો ઉતર્યા પછી પણ એ વધુ દુર્બળ અને ગમગીન બને છે. એ નિશ્ચય કરે છે કે હવે પછી કોઇ દિવસ દારૂને પડખે ન ચડવું; છતાં થોડી ક્ષણો વીત્યા પછી એનો એ જ માણુસ આસક્તિનો ભોગ બને છે.

વ્યસનીની વાત જવા દ્યો. ગરીબ મા-બાપનો દીકરો પરદેશમાં બે પૈસા રળવા માટે જાય છે. રાતદિવસ મજુરી કરે છે. પોતે અર્ધે પેટે રહીને પણ મા-બાપને માસિક મદદ મોકલે છે. એક શુભ ક્ષણે એનું ભાગ્ય ખીલે છે. ધંધામાં એને સફળતા મળે છે. એવે ટાણે બે–ચાર દોસ્તો એના પડખે ચઢે છે. થોડા દિવસ પહેલાં જે યુવાનને આપણે ઉદ્યોગી, કાર્યકુશળ, ખંતીલો જોયો હતો તે જ યુવાન મોજશોખમાં તણાય છે. વૃદ્ધ માતાપિતાને પણ એ ભૂલી જાય છે. સુખની એની કલ્પના એને છેક મૂઢ બનાવે છે. પ્રલોભનવાળી વસ્તુ પાછળ ભટકતાં એ પોતાને ખૂવાર કરે છે. કર્તવ્ય સમજનારા માણુસોને પણ સુખની આસક્તિ આ રીતે ઉન્માર્ગે લઇ જાય છે.

નિત્ય કે અનિત્યનો વિવેક નથી એવાઓને જ આસક્તિ તાણી જાય છે, એમ માનવાનું નથી. પેલો પરદેશમાં વસતો યુવાન પોતાના ઘરડા મા-બાપની સ્થિતિ પૂરેપૂરી સમજે છે. એમને સહાયક થવા સારૂ તો એ પોતે પરદેશ વેઠી રહ્યો છે. ખુશામતીયા મિત્રો પણ બે દિવસ પછી પોતાને તજીને ચાલ્યા જશે એ પણ જાણે છે–છતાં એ પોતાના નિશ્ચયના પાટા ઉપરથી ઉતરી જાય છે.

વ્યસનીઓ અને વિલાસીઓની જ આસક્તિને અંગે આવી દુર્દશા થાય છે એમ કંઇ જ નથી. બીજી રીતે ગુણીજન ગણી શકીએ તેવાઓ પણ આ આકર્ષણનો બંસીનાદ સાંભળી ઉન્મતવત્ આચરે છે.

અનુભવીઓએ એનો ક્રમ આ પ્રમાણે યોજ્યો છેઃ

વિષયનું ધ્યાન સેવતો મનુષ્ય પહેલાં તો આસક્તિમાં ઢળે છે. આસક્તિમાંથી કામના, કામનામાંથી ક્રોધ, ક્રોધમાંથી કર્તવ્યવિમૂઢતા અને મૂઢતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંથી લક્ષભ્રષ્ટતા જન્મે છે. અને એક વાર લક્ષભ્રષ્ટ થવા પછી અધઃપતનની સીમા આંકવી અસંભવિત બને છે.

એક દિવસે અમે એક મોટી જેલ જોવા ગયા. જેલનો એક ભાગ ત્યાં "કાળા પાણી"ના નામથી ઓળખાતો. આખા પ્રાંતમાં જેમને કાળા પાણીની સજા થઈ હોય તેમને અહીં રાખવામાં આવતા અને સ્ટીમરની સગવડ થાય એટલે એમને આંદામાન તરફ રવાના કરી દેતાં.

આ કાળા પાણીવાળા વિભાગમાં અમને એક કેદી મળ્યો. પહેલાં તો અમે એને ઓળખી જ ન શકયા; પણ જ્યારે એ અમારી નજીક આવ્યો અને બાળકની જેમ બોર બોર આંસુ પાડી રહ્યો ત્યારે જ અમે એને ઓળખ્યો. એ એક શાસ્ત્રી હતો. સંસ્કૃત ઉપર તેનો સારો કાબૂ હતો. સ્મૃતિઓ અને પુરાણો ઉપર તે સરસ વિવેચન કરતો. એનું જીવન પણ લગભગ એક સંન્યાસી જેવું હતું.

આ શાસ્ત્રી અહીં કયાંથી–શી રીતે આવ્યા ? અમને પ્રશ્ન થયો.

શાસ્ત્રીએ પોતે જ એનો ખુલાસો કર્યો. એ ઉપરથી અમે જોઈ શકયા કે એ ભાઈ એક સ્ત્રીના સહવાસને લીધે, આસક્તિની જાળમાં ફસાયા હતા. એ આસક્તિએ જ એમને ખૂન કરવા જેટલી હદે ધકેલ્યા હતા. મનુષ્યનું આથી અધિક અધઃપતન બીજું કયું હોય ? ભણેલા પણ કેવી ભયંકર ભૂલના ભોગ બને છે ?

અધઃપતનના એ ક્રમને ઉલટાવવા પૂર્વાચાર્યોએ એવો જ એક બીજો રાજમાર્ગ બતાવ્યો છે. તેઓ કહે છે કે "પહેલાં અસત્ પ્રવૃત્તિના સ્થાને સત્ પ્રવૃત્તિને સ્થાપોઃ પછી એ બન્ને પ્રવૃત્તિને ફેંકી દ્યો–એટલે કે અવિનાશી એવો આત્મિક આનંદ અનુભવો." એક દ્રષ્ટાંત આપી એમણે એ વાત સમજાવી છે.

ધારો કે તમને પગમાં કાંટો વાગ્યો હોય, એ કાંટાને કાઢવા માટે તમારે એવો બીજો કાંટો હાથમાં લેવો જોઈએ. કાંટાની મદદથી જ કાંટો કાઢી શકાય, એવો ન્યાય છે; પણ પેલો કાંટો નીકળી જાય એટલે આખરે તો તમારે બન્ને કાંટા ફેંકી દેવાના છે એ ન ભૂલશો.

પોતાના સમાજ, ધર્મ, પ્રાંત કે રાષ્ટ્રને માટે તન–મન–ધનનો ભોગ આપી જનતાની જેઓ સેવા કરી રહ્યા હોય છે તેઓ સ્વાર્થવૃત્તિ કે મમતાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેક અલિપ્ત હોય છે એમ કોઇ નથી કહેતું. એમણે પોતાના ક્ષેત્રને પહેલાના કરતાં અધિક વિસ્તૃત, અધિક વિશાળ બનાવ્યું હોય છે, તેથી તેમની પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિ ગણાય છે. અનિત્ય તો આત્મા સિવાય બધું જ છે; પણ તેઓ માને છે કે માણસ માત્ર સ્વાર્થ કે અંગત સુખવિલાસ આગળ રોજ રોજ અવનવાં નૈવેદ્ય ધર્યા કરે એમાં એનું કલ્યાણ નથી. ધર્મસેવકો, દેશસેવકો એટલા જ સારૂં, પોતાના નિજના સ્વાર્થ કરતા વધુ સ્થાયી ગણાતી સંસ્થાઓની ઉન્નતિ અને કલ્યાણ પાછળ પોતાની શક્તિ અને દ્રવ્ય ખરચે છે.

પશ્ચિમના મુલકમાં આધ્યાત્મિકતા, ઇશ્વર કે પારલૌકિક કલ્યાણ જેવું ભાગ્યે જ જોવામાં આવે છે, પણ ત્યાંની જનહિતકારી સંસ્થાઓ જોઇએ તો ત્યાંના ઉદારચિત્ત ગૃહસ્થોની ઉદારતા ઉપર આપણે આફરીન બન્યા વિના ન રહીએ. પરલોકમાં પોતાને સુખ મળશે, આત્માની ઉન્નતિ થશે એવી કલ્પના પણ ભાગ્યે જ એવાઓને આવતી હશે. એમની વિચારશ્રેણી કંઇક આવી હોય છે.

હું અને મારી મિલ્કત કદાચ આવતી કાલે નહીં હોય. મારા વારસદાર પણ કદાચ બે-ચાર સૈકા પછી નામશેષ બનશે. આ બધું નાશ પામવાનું છે, કારણ કે બધું અનિત્ય છે; પણ મારી પાછળ મારો દેશ તો રહેવાનો જ છે. મારો દેશ નહીં તો મારા માનવબંધુઓ તો રહેવાના જ છે. તો પછી શા સારૂ એમનાં સુખ, શાંતિ, આરોગ્ય, કેળવણી વિગેરેને માટે મારાથી બની શકતો આપભોગ ન આપું ? અનિત્યમાં પણ અમુક અપેક્ષાએ નિત્ય કઈ વસ્તુ છે તેનો ઐહિક દ્રષ્ટિએ વિવેક આ લોકો કરી શકે છે. એને લીધે પશ્ચિમમાં પરોપકારી અનેક ગંજાવર સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. આ પણ એક રીતે સત્ પ્રવૃત્તિ જ છે. ભલે એમાં પારલૌકિક શ્રેય કે સુખની ભાવના ન હોય, પણ એથી અમુક સંખ્યાના માણસોનું ભલું તો થાય છે જ.

અધ્યાત્મજ્ઞાની એક ડગલું આગળ ભરે છે, એ તો અસત્ પ્રવૃત્તિ અને સત્ પ્રવૃત્તિ એમ બન્ને કાંટા આખરે ફેંકી દે છે. અનિત્યમાં એણે જે નિત્યત્વની કલ્પના કરી હોય છે તે પણ પાછી ખેંચી લે છે.

નિત્યાનિત્યનો વિવેક જેમનામાં જાગ્રત છે, આધ્યાત્મિકતાનો સ્થિર-શાંત દીપક જેમના અંતરગૃહમાં અહોનિશ પ્રકાશે છે તેમને આસક્તિ મોહ મુંઝવી શક્તા નથી. मृत्युरपि महोत्सवायते એવાઓને તો મૃત્યુ પણ મહોત્સવ રૂપ લાગે છે. અનિત્ય તરફની આસક્તિ ટળતાં મૃત્યુની ભયંકરતા પણ આપોઆપ ટળી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાય.

(૨)

( ગતાંક પૃષ્ટ ૨૬ થી શરૂ. )

સામાયિક મારફતે સ્વાધ્યાયમાં કેવી પ્રગતિ કરી શકાય છે તે આપણે જોઇ ગયા; છતાં અફસોસની વાત એટલી જ છે કે આપણા શ્રાદ્ધજીવનમાં સામાયિક સ્થાન જો કે છે ખરૂં છતાં એના ગૌરવ માટે શૂન્ય જેવું જ ! પુન્ય શ્રાવક કે જેમનું સામાયિક પરમાત્મા શ્રી મહાવીર દેવે વખાણ્યું. તેના જેવા સામાયિકની તો શી વાત કરવી? પણ સામાન્ય દોષોથી રહિત અને સ્વાધ્યાયપોષક સામાયિક પણ આજે કયાં જણાય છે? એની ઉણપથી જ આપણે ક્રિયાઓને વળગી રહ્યાં છતાં એમાં રહેલા રહસ્યથી વંચિત છીએ. ઘણીએ બાબતમાં આપણે જરામાત્ર સમજણ દાખવ્યા વિના કે અર્થના ઉંડાણમાં અવગાહન કર્યા વગર અચરે અચરે, રામ, જેવું કર્યા જઇએ છીએ.

જ્ઞાન વિહુણી ક્રિયાના મૂલ્ય કેટલા અંકાય એનો સાક્ષાત શ્રી મહાવીર-પ્રભુ પંચમીના ચૈત્યવંદનમાં બતાવે છે—

આ રહ્યા તે શબ્દો—"જ્ઞાન વિના ક્રિયા કહી કાશકુસુમ ઉપમાન"

આપણા શ્રાવક ગણમાં જો બારિકાઈથી અવલોકન કરીશું તો જણાશે કે ધર્મ સંબંધી જ્ઞાનમાં ચંચુપાત કરનાર વર્ગ આંગળીના ટેરવે ગણાય તેટલોજ! એમાં વળી કથાનક–ચરિત્ર કે વાર્તા આદિના જાણકારોને બાદ મૂકી નવતત્ત્વ, કર્મગ્રંથ કે જીવવિચાર સંબંધી અભ્યાસ માટેનો આંક જોશું તો જુજ જણાશે, નય, સપ્તભંગી કે ષટદ્રવ્યમાં ઠીક ઠીક પ્રમાણમાં જ્ઞાતા તો એથી પણ અલ્પ. સ્વાધ્યાય જેવા આવશ્યક કાર્ય માટે આ આપણુ ભંડોળ ! જો કે સામાયિકમાં કેટલાક પ્રકારો છે, અને બે ઘડી સુધી સમભાવ દશામાં રહેનાર પણ એ કર્યાનો આનંદ મેળવી શકે છે, છતાં સાથે એટલું વીસરવું નથી જોઇતું કે એ સમભાવ, સમતા કે એકાગ્ર ધ્યાન પ્રાપ્ત કરવામાં જ્ઞાન કેવો ભાગ ભજવે છે.

આજે તો તિથિ દિને પૌષધ કરનારામાંના ઘણા દેવવંદનાદિ ક્રિયામાંથી બચતા કાળને કેવળ નિદ્રાસેવનમાં અથવા તો નકામી ચર્ચામાં ગાળે છે. કેટલાક સામાયિક કરવાના નિયમમાં પ્રતિક્રમણ કરી સંતોષ પકડે છે. કેટલીક વાર તો રોજ સવાર–સાંજ પડિક્કમણુ કરનાર પણ પોતે જે આવશ્યક ઉભય ટંક કરે છે એમાં શું ભાવ સમાયેલો છે તે જાણતા સરખા નથી. તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લિચ્છવિ જાતિ.

( ગતાંક પુ૦ ૩૧ ના પૃષ્ઠ ૩૧૩ થી શરૂ )

લિચ્છવીઓ પોતાને ક્ષત્રીય તરિકે ઓળખાવતા અને એ વાતનું અભિમાન રાખતા એટલું જ નહિ પણ એ વખતે પૂર્વ ભારતના મ્હોટા મ્હોટા નરપતિઓ, લિચ્છવીઓની સાથે વૈવાહિક સૂત્રથી જોડાવા ઉત્સુક રહેતા. મહાપરાક્રમી રાજા અજાતશત્રુ જ્યારે જ્યારે પોતાના માતૃવંશનો ઉચ્ચાર કરતો ત્યારે ત્યારે તે એક પ્રકારનું ગૌરવ અનુભવતો. ભગવાન મહાવીર અને બુદ્ધ દેવની પછી લગભગ બસો વર્ષે—સમ્રાટ ચંદ્રગુપ્તના સમયમાં પણ લિચ્છવિની પ્રતિષ્ઠા, મદ્ર, કુરૂ–પંચાલ અને મલ્લ વિગેરે ઉત્તર ભારતના ક્ષત્રીયો કરતાં કોઇ રીતે ઉતરતી ન હતી. આ ક્ષત્રિયો યોદ્ધાઓની ન્હાની–મ્હોટી ટુકડીઓ રાખતા અને પોતે પોતાને રાજા તરિકે ઓળખાવી પ્રજા પાસેથી કર–વેરા ઉઘરાવતા.

---

કરવા સબંધે જે જાતની જિજ્ઞાસા ઉદ્ભવવી જોઇએ તે અતિ અલ્પ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

એક તરફ જ્ઞાનના વિશાળ સરોવરો ભર્યા પડયા છે ત્યારે બીજી તરફ એનું પાન કરનાર પિપાસુ વર્ગ નહિંવત્ દેખાય છે. જેટલું વિધિવિધાન પ્રત્યે મમત્વ દર્શાવાય છે એના દશાંશ જેટલું પણ એના રહસ્ય મંથનમાં નથી દેખાતું; આ સ્થિતિમાં સજ્જડ પલટો આણવાની જરૂર છે. શક્તિશાળી આત્માઓએ હંમેશ સામાયિક જેટલો સમય કહાડી, એ સમય દરમિયાન જૈન સાહિત્ય સાગરના અમૃત ઝરણાંઓનુ પાન કરતાં રહેવાનું છે.

ત્યારેજ સ્વાધ્યાય શી વસ્તુ છે એ બરાબર સમજાશે. સાચા જ્ઞાન વગર આત્મભાન અતિ દૂર જ રહેલું છે, આચરણ આવશ્યક છે છતાં એની શોભા સમજપૂવક કરાતી કરણીને આભારી છે. ગતાનુગતિકતા એ તો આત્મવિહુણા પિંજર જેવું શુષ્ક!

સામાયિકમાં સર્વ જીવો પ્રત્યે–ભુતમાત્ર પ્રત્યે સમતા રાખવી જોઇએ, ઇંદ્રિયો પર સંયમ યાને કાબુ તો એ સાથે હોય જ. શુભભાવનામાં–આર્તરૌદ્ર ધ્યાન છોડીને કેવળ ધર્મધ્યાનમાં કાળ નિર્ગમન કરવો ઘટે. એ સ્થિતિ બર લાવવા માટે ઉત્તમ પુસ્તકોનું વાંચન તત્ત્વચિંતન આવશ્યક ગણાય.

જેમ જેમ વિચારણા વૃદ્ધિ પામે તેમ તેમ સ્વાધ્યાયમાં આત્મ–સ્વરૂપ દર્શનમાં એકતાન જામે–એ આનંદ અનુભવે જ. [ ચોકસી ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લિચ્છવિઃ મનુસંહિતા

મનુસંહિતાની રચના થઈ તે વખતે પણ લિચ્છવિ ક્ષત્રિયરૂપે ઓળખાતા, છતાં મનુ એમને વ્રાત્ય ક્ષત્રિય કહે છે. "ઝલ્લ, મલ્લ, લિચ્છવિ, નટ, કરણ, ખસ અને દ્રાવિડ વિગેરેને વ્રાત્ય ક્ષત્રિય જાણવા" વ્રાત્ય શબ્દનો અર્થ, મનુ સંહિતામાં આ પ્રમાણે આપ્યો છે.

द्विजातयः सवर्णासु जनयन्त्य व्रतांस्तु यान्

तान् सावित्री परिभ्रष्टान् व्रात्या नित्य मिनिर्देशत्

આ શ્લોકમાં રહેલા અવ્રતાઃ શબ્દનો ડૉ. બુલર એવો અર્થ કરે છે કે "જેમને યથાસમયે દીક્ષા ન અપાઈ હોય તે." બુલરને એવો અર્થ કરવાનું એક ખાસ કારણ પણ છે. પૂર્વના એક અધ્યાયમાં મનુ પોતે દ્વિજોની સંસ્કારક્રિયા કયારે થવી જોઈએ તેનો નિર્ણય આપે છે. એ પ્રસંગે એ કહે છે કે "ગર્ભાધાનથી માંડી સોળ વરસ પૂરા થતાં સુધીમાં બ્રાહ્મણને યજ્ઞોપવિતના સંસ્કાર થઇ જવા જોઈએ. ક્ષત્રિયને માટે બાવીસ અને વૈશ્યને માટે ચોવીસ વર્ષની મર્યાદા રાખવામાં આવી છે. એટલા સમયની અંદર સંસ્કાર ન થાય તો પછી તેમને વ્રાત્ય ગણવા–આર્ય તરિકે ઓળખાવાનો એમને અધિકાર નથી."

વ્રાત્ય શબ્દના અર્થમાં અને વિવેચનમાં મનુએ જે કંઇ કહ્યું છે તેને ગૌતમ, આપસ્તંબ, વશિષ્ટ અને બૌદ્ધાયન વિગેરે પ્રાચીન સ્મૃતિકારો પણ સમ્મત હોય એમ લાગે છે. મનુ દ્વિજની પોતાના જ વર્ણની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ પુત્રને પણ વ્રાત્ય કહે છે. અનુલોમ કે પ્રતિલોમ વિવાહનો અહીં પ્રસંગ જ નથી. અમુક વરસની અંદર અમુક પ્રકારની સંસ્કારવિધિ ન થાય તો એ વ્રાત્ય ગણાય, સમાજની નજરે એ હલકો ગણાય એટલું જ તે કહે છે.

લિચ્છવીઓ એ વિધિ ન્હોતા પાળતા. મધ્ય દેશના અધિવાસીઓ જેવી એમને વૈદિક ક્રિયાકાંડ તરફ રૂચી કે શ્રદધા ન હતી. બ્રાહ્મણો જે દસ પ્રકારના સંસ્કારો માનતા તેને લિચ્છવીઓ બહુ મહત્ત્વ ન્હોતા આપતા.

અથર્વવેદમાં વ્રાત્ય શબ્દનો જે અર્થ આપવામાં આવ્યો છે તે વિષે વિવેચન કરતાં મહામહોપાધ્યાય શ્રી હરપ્રસાદ શાસ્ત્રીજી પ્રાચીન ભારતના કેટલાક સામાજિક આચાર–વિચારો ઉપર નવો પ્રકાશ નાખે છે. તેઓ કહે છે "વ્રાત્ય એટલે સાવિત્રી–પતિત એમ આપણે માની લીધું છે, પણ એ બરાબર નથી. વ્રાત્ય એટલે આર્ય તો ખરા, પરન્તુ વૈદિક આચાર–વિધિને નહિ માનનારા એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનો અર્થ છે. વૈદિક આચારનિષ્ઠ આર્યો જે ભાગમાં હતાં તેની આજુબાજુ-ચોતરફ વ્રાત્યો વસતા. એમની સંસ્કૃતિ, બ્રાહ્મણ સંસ્કૃતિ ન હતી. તેઓ મ્હોટે ભાગે યુદ્ધમાં અને પશુપાલનમાં રસ લેતા. એમને વસવાને કોઈ એક સ્થાન કે સીમા ન હતી. તેઓ ટોળારૂપે હમેશાં વિચરતા રહેતા. વેદનિષ્ઠ આર્યો સાથે એમને ઘણી વાર ઝગડા પણ થતા."

મહામહોપાધ્યાય શ્રી હરપ્રસાદ શાસ્ત્રીજી સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે મનુ જેમને વ્રાત્ય તરિકે સંબોધે છે. તેમને વૈદિક વિધિ પ્રમાણે વર્તવાનો સંપૂર્ણ અધિકાર હતો. એમને એ વિષે શ્રદ્ધા હોત તો જરૂર તેઓ યજ્ઞ-યાગ વિગેરે કરી શકત, મંત્રપાઠ પણ કરી શકત; છતાં એમણે એમ ન કર્યું એનું કારણ બહુ દૂર શોધવા જવું પડે એવું નથી,

લિચ્છવીઓ ક્ષત્રિયો હતા એટલું જ નહીં પણ તેઓ આચાર-વિચારે જૈન હતા. ભગવાન મહાવીરના માતાપિતા શ્રી પાર્શ્વનાથના અનુયાયી હતા, એ જ એમ પૂરવાર કરે છે કે લિચ્છવીઓ વૈદિક ક્રિયાકાંડથી વિમુખ હતા અને એ જ કારણે મનુ વિગેરેએ એમને વ્રાત્ય કહ્યા હોય તો તેમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. સિંહ જેવા ઉચ્ચ અધિકાર ધરાવતા પુરૂષો પણ એ પોતાને જૈન તરિકે ઓળખાવવામાં અભિમાન લેતા.

ડૉ. બુલર મનુસ્મૃતિની રચના ઈ. સ. પૂર્વે ૨૦૦ થી માંડી ઈ. સ. પછીના ૨૦૦ વર્ષ દરમીયાન થઈ હોય એમ માને છે. આ સમયમાં લિચ્છવીઓ મ્હોટે ભાગે જૈન તેમજ બૌદ્ધ હતા. મનુએ એમની બ્રાહ્મણધર્મ પ્રત્યેની ઉદાસીનતા જોઈને વ્રાત્ય કહ્યા હોય એ સંભવિત છે.

વ્રાત્ય શબ્દનો અર્થ કરવામાં મનુ એ ઠીક ઠીક કાળજી રાખી છે. રખેને કોઇ પ્રકારની ગેરસમજ થવા પામે એવી એને પોતાને પણ બીક લાગે છે. જ્યાં જ્યાં વ્રાત્ય શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર પડી છે ત્યાં ત્યાં તેણે અધિકાધિક સ્ફુટપણે એનો અર્થ કર્યો છે. પુનરૂક્તિની પણ પરવા નથી કરી. બીજા અધ્યાયમાં તે કહે છે કે વ્રાત્ય એટલે દ્વિજથી જુદી જાતિ ન સમજવી. દ્વિજ જાતિના પુરૂષ અને દ્વિજ જાતિની સ્ત્રીના લગ્નથી જે સંતાન થાય તે પણ વ્રાત્ય કહેવાય. એ ઉપરથી લિચ્છવીઓનું માતૃ-પિતૃ કૂળ સંપૂર્ણ ક્ષત્રિય હતું એમ સિદ્ધ થાય છે. મનુએ લિચ્છવીઓને અનાર્ય માન્યા હોય એવો કોઇ પુરાવો મળી શકતો નથી.

વૈજયન્તીમાં એક ઉલ્લેખ છે: "लिच्छिविम् क्षत्रिया व्रात्यात्— " અર્થાત, ક્ષત્રિય વ્રાત્ય અને ક્ષત્રિયાણીના લગ્નમાંથી લિચ્છિવિઓ થયા. આ કથા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અલ્લુકૃત ભાવના.

સંપાદક—રા. મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ.

( ગતાંક પૃષ્ઠ ૪૯ થી શરૂ. )

ઇતિ શ્રી અલ્લુકૃત ૧૨ ભાવના સમાપ્તા. સંવત ૧૮૦૦ વર્ષે શાકે ૧૬૬૫ પ્રવર્ત્તમાને પોસ શુદિ ૧૧ દિને સકલપંડિતશિરોમણિ પંડિત શ્રી વિનીતવિજયગણિ તચ્ચરણસેવક દેવવિજયેન લિપીચક્રે શ્રી સૂર્યપુરમહાબંદિરે શ્રી સુરતમંડણ પાર્શ્વજિનપ્રસાદાત્.

દુહા—દશમી લોકભાવના વિષે લોક ષટ્દ્રવ્ય રચના ચૌદ રાજલોકને વિષે સમકિતીએ જિનવચને જાણી તિહાં ષટ્દ્રવ્યરચના સ્વભાવ, વિભાવ, લક્ષણ, ધર્મ જાણ્યાં, તે મધ્યે નિજસ્વભાવ લક્ષણધર્મ ઉપાદેય જાણી ભાવે છે. બહિરાત્માજીવ પરપુદ્ગલ ધર્મને આત્મિક ધર્મ જાણે છે તે નિર્ણય કરી ન્યારો દેખાડે છે. યદ્યપિ ઉપચરિત વ્યવહાર નયે એ ક્રિયારૂપ પુદ્ગલ ધર્મસાધનરૂપ છે, તથાપિ શુદ્ધ નિશ્ચયનયાપેક્ષાએ હેય અગ્યારમી ધર્મભાવના કહે છે.

વ્યવહારધર્મી જીવ વ્યવહાર ક્રિયાધર્મ ઉપદેશ વિધિ કરાવે છે અને આપણપેં પોતાની મેળે કરે છે, પણ શુદ્ધ જ્ઞાનોપયોગ રહિત એકલ ક્રિયા એ ધર્મ ન હોય, શ્રુત ચારિત્રરૂપ ધર્મ તે વ્યવહાર ધર્મ છે અને ત્રીજો વત્થુસહાવો ધમ્મો એ ઉત્તરાધ્યયને ઉક્ત વસ્તુ સ્વભાવધર્મ તે નિશ્ચયધર્મ જાણવા યોગ્ય ઉપાદેય તે હે આત્મા ! નિશ્ચય સ્વભાવ જે શુદ્ધ નયે તાહરો તે જિનધર્મ જાણી, જ્ઞાનદૃષ્ટિ ધરી, જોઈ, દેખી અને વળી જ્ઞાન તે કરણ—કરાવણરૂપ નથી, એ તો સર્વ શુભાશુભ કર્મજનિત કર્મફલ ચેતના ગેયરૂપ છે, અને દ્રવ્યશાસ્ત્ર તે ગ્રંથનું ભણવું સૂત્ર તથા અર્થ તે પણ જ્ઞાન જ. જ્ઞાન વસ્તુ તે ' ઓર '—બીજું નથી. તે સાચું જે સમ્યગ્જ્ઞાન તે ન ઉપજે ત્યાંસુધી જ્યાંસુધી

---

કાર અને કોષકારનો આશય, ઉપર લખેલી હકીકતને આધારે બરાબર સમજી શકાય છે. બધાએ એક યા બીજી રીતે મનુની જ પુનરાવૃત્તિ કરી છે.

લિચ્છવીઓ બીજા સમાજથી અલગ રહ્યા હતા એમ પણ માનવાનું નથી. અજાતશત્રુ પોતાને વૈદેહિપુત્તો—વિદેહ દેશની નારીનો પુત્ર હોવાનું વખતોવખત કહે છે. ગુપ્તવંશીય હિન્દુ નરપતિ પણ પોતાને લિચ્છવિ—ભાણેજ તરિકે ઓળખાવવામાં અભિમાન લે છે. ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહનના 'ઝકોર' કહેતાં મોહનીય પ્રકૃતિ કષાય નોકષાય મિથ્યાત્વાદિક તેનો ઉદય છે જ્યાં લગી. ૧૧

સોરઠીયા—જાતિ—ધર્મ તે દ્રવ્ય ગ્રંથ ભણ્યો ન હોય, તે શા માટે ? જો પઢેલું ધર્મ હોય તો અભવ્ય જીવ સાડીનવ પૂર્વ પર્યંત ભણે અને મુક્તિ ન જાય માટે શાસ્ત્રમાં મુનિધર્મ નહી, પુણ્ય છે અને ભાવશ્રુત સહિત હોય તો દ્રવ્યશ્રુત પણ ધર્મ છે અને કાયાએ તપ તપીએ તે પણ ધર્મ નહીં. શા માટે ? જે એકાંતે તપ—જપ ધર્મ હોય તો પૂર્વકોડિ તપના ધણી મુક્તિવિના બીજે ન જાય અને તે સંસારમાં રોળાતા દિસે છે. દાન દીધે પણ નિયમાધર્મ ન કહેવાય, જે માટે દાનીપણે સંસારમાં રૂળે. પૂજા, જપ વિષે પણ એકાંતે ધર્મ નહિં જે માટે आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि [ જુઓ કલ્યાણમંદિર સ્તોત્ર ] ઇત્યાદિ દ્રષ્ટાંતે. ૧૧.

દુહા—તો કોઇ કહેશે જે એવામાં ધર્મજ નહિં તો ન કરીએ, તે ઉપરકહે છે કે કરો શ્યું ? દાન કરો, જિનપૂજા કરો, પંચપરમેષ્ઠિ જપ કરો, દ્વાદશ ભેદ તપ કરો શીલ સંયમાદિ ક્રિયા રાત્રિદિન સંબંધી તે સર્વ કરો પણ એક જાણવાની વસ્તુ જે શ્રી જિનાજ્ઞાનુરૂપ નિશ્ચય વ્યવહારોક્ત સ્વપરસમયાદિ ભેદ જ્ઞાનોપયોગ તે જો વીસરાય વા ન જણાય તે તે રહિત જે તપજપાદિ કરણીનો મદ અહંકાર તે 'માન' એટલે નિરર્થક અથવા એ કરણીએ મદ પુણ્ય તેમાં તો થાય, અથવા એ કરણી તે ધણી મુક્તિ વિના બીજે ન જાય અને સંસારમાં રોળાતાં દીસે છે

**ઉપયોગ વિના મદમાતા—મતવાલાના સિંહ છે........**

તો શિષ્ય પૂછે છે 'સ્વામિ ! ધર્મ તે શું ?' તત્રોત્તરે કહે છે 'હે શિષ્ય ! ધર્મ તે વસ્તુનો સ્વભાવ છે. તેને સાધવો તે ધર્મસાધન. જો કોઇ 'પહિચાને' કહેતા ઓળખે—જાણે તો એટલે વસ્તુ સ્વભાવ ધર્મ જો કોઇ જાણે તો તેને અપર વિધિનું શું કામ? એટલે તે ઉપયોગ ધર્મને અન્ય ઉપાયની નિયમા નથી.

છંદઃ—તે જ સ્વભાવ ધર્મ દ્રઢાવે છે. પરદ્રવ્ય સર્વ ગેયરૂપ છે, પરંતુ ઉપાદેય નહી, જે દ્રવ્ય વિષે ઉપાદાનપણું નહીં તેના ગુણપર્યાય વિષે પણ ઉપાદાનપણું ન હોય, તે માટે એ ક્રિયા તે પુદ્ગલ દ્રવ્યનો પર્યાય છે. તે ઉંચી દશાના ધણી મુનીશ્વર યદ્યપિ કરે છે, તથાપિ વીતરાગભાવ થકાં પરં(તુ) સરાગપણે નહી. જે ભણી સરાગ સંયમી દેવગતિ પામે પણ મુક્તિ નહીં. મુક્તિ તે વીતરાગભાવે એ વિચાર ભગવતીથી જાણજ્યો. તે માટે સર્વતોભદ્ર વીતરાગ ભાવોપયોગ તે આત્મિક ધર્મ કહીએ; પણ તે કેવો છે આત્મધર્મ ? અહો આત્મા ! તે ધર્મ નિર્મલ પરમોત્કૃષ્ટ છે; તે સ્વભાવધર્મ સ્વભાવેજ કાલલબ્ધિયોગે ઉપજે છે; તે નિર્મલ ધર્મ છે તે તું જાણ. નિશ્ચયશુદ્ધ સત્તારૂપ સ્વભાવ ધર્મ તે પ્રતિ એટલે વીતરાગભાવ તે નિશ્ચયાત્મક ધર્મ સિદ્ધાંતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંદરે ભેદે સિદ્ધ કહ્યા તે વીતરાગ ભાવે. અહીં ક્રિયાનો મદાર દિસતો નથી. તે સ્વભાવ ધર્મનો ધારક સ્વામી જે આત્મા તે ધર્મ કહીએ, તે માટે તે સ્વભાવ ધર્મ જાણે, આદરે, પાલે તે ધર્મી આત્મા અને જે આપણો સ્વભાવ તે જ આત્માનો ધર્મ, તે માટે આપણે વીતરાગભાવરૂપ શુદ્ધોપયોગ સ્વભાવ તેણે જ જાણો નિશ્ચયધર્મ, અને ધર્મીપણે આત્મા જ જાણો એટલે શુદ્ધ ચેતનારૂપ આત્મધમ તે અન્ય દ્રવ્યને વિષે ન પામીએ તે માટે સમસ્ત વિકલ્પ ક્રિયોપયોગાદિ સરાગપરિણામી તે દૂર કરીને એટલે ક્રિયા જેમ પરપર્યાય છે તેમ ક્રિયોપયોગ તે પણ પર છે. પરસંયોગોત્પન્ન માટે વિભાવરૂપ આત્મપર્યાય એ પણ ગેય છે, તે કેમ? જે શુભાશુભ કર્મજનિત શુભાશુભ ક્રિયા તે પર કહીએ. તજ્જનિત ઔદયિક ભાવરૂપ ક્રિયોપયોગ તે ક્રિયાદ્રવ્યકર્મ અને ઉપયોગ તે ભાવકર્મ, તે દ્રવ્યભાવ બેઉ કર્મશુદ્ધોપયોગ નિર્વિકલ્પરૂપ નિશ્ચયાત્મક ધર્માપેક્ષાએ હેયરૂપ છે. અહીં કોઇ કહેશે જે તીર્થંકરે ક્રિયા ઉપાદેય કહી. વિધિવાદોપદેશ વિષે તે હેય કહેતાં નિન્હવપણું થાય છે. તત્ર તરત ગુરૂ કહે સાચું, એ વ્યવહાર નયે ઉપાદેય છે, પર ન કે નિશ્ચયે ઇત્યર્થ માટે ક્રિયા કરે પણ શુદ્ધોપયોગ સહિત અને શુદ્ધ-અશુભ-શુભ વિકલ્પ ટાળીને એ જ શુદ્ધાપયોગ શુદ્ધચેતના-આત્મ પરિણતી તે નિજધર્મ-આત્મધર્મ કરી હૃદય વિષે સ્થાપો.

મુક્તિ નહિ માટે નિશ્ચયધર્મ નહીં, તે માટે મુક્તિવાંછક પુરૂષ ભેદ જ્ઞાનિ ક્રિયા કરે, પણ ભિન્નબુદ્ધિ પરંપર સાધન જાણીએ અને પ્રત્યક્ષ સાધન તે સ્વસંવેદનોપયોગ જાણી તેનો ખપ કરે. જે ગરજ સો ધારજ કેલવે, પણ સુરત દ્રવ્ય વિષે તેમ.

સોરઠીઆ-ઈગ્યારમી ધર્મભાવના કહી તે ધર્મ આત્મસત્તા સ્વરૂપ બોધજ્ઞાન કહીએ. તે પંચ કારણના યોગ વિના પામવું દુર્લભ દિસે છે માટે બારમી બોધિદુર્લભ ભાવના કહે છે. અહો આત્મા ! દુર્લભ છે ' પરભાવ ' કહેતાં દ્રવ્યચારિત્રાદિ ક્રિયા એ ભાવકર્મજનિત માટે તેની પ્રાપ્તિ વિચારી-ચિંતવી-હોવી દુર્લભક્રિયા વ્યવહારરૂપ ધર્મ તે સર્વ ઉદય વર્ત્તે, માટે ચિતવ્યું આવે પણ ન ચે આવે, પણ-પરંતુ જે આત્મિક સ્વભાવધર્મ તે તો સ્વાધીન છે તે દુર્લભ શા માટે જાણીએ ? દેહાદિ સખાયાતાં-મિત્રતા બુદ્ધિ તજી સ્વસંવેદન સ્વશક્તિ શુદ્ધ સત્તાધર્મ સુસાધ્ય જાણવો. ૧૨

છંદ-અહો મુક્તિ સરોવરનાં હંસ ! આત્મા ! નથી દુર્લભ તુજને એવું મુક્તિ સરોવરનું નીર પાણી અતીંદ્રિય સુખરૂપ; હે જીવ ! તું ઇંદ્રિય રહિત જેવો છે તેવો ઇંદ્રિયરતિ થઇ પીઓ. નિર્મલ કેવલજ્ઞાન-દર્શનરૂપ નિર્મળ નીરવડે શુદ્ધ ચેતનોપયોગે કરીને તે શુદ્ધ ચેતનોપયોગ મુખે નિર્મલ કેવલજ્ઞાનનીર પીધાથી અનાદિકાલીન વિભાવરૂપ અશુદ્ધ ચેતના તેથી જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપજેલી ઇંદ્રિયસુખાભિલાષા અતૃપ્ત તૃષ્ણાને ભાંગે પણ તે શુદ્ધોપયોગે પીધું જે કેવલ નીર તે પીતાં જે ઉપજેલ તૃપ્તિ-સંતોષ-અનંત સુખરૂપ તે તૃપ્તિ કેવી છે ? જેનો વિરહ નથી. જેને વિષે વ્યાકુલતા નથી તે શુદ્ધાત્મ પરિણતિ-પરિણમવારૂપ જે પંથ-માર્ગ તે સુગમપંથ છે. તે પરમોત્કૃષ્ટ પરિણામ રૂપ માર્ગે ચાલ્યા જે પંથી તેમને સપ્ત ભયમાંથી કોઇ એક પણ ભય નથી. આત્મરૂપ સરોવર જ્ઞાનરૂપ સુખજલ છે જ્યાં અને આત્માની જ પોતાની મુક્તિ રૂપ પદવી તે સર્વ સુલભ છે. અહીં પરસહાયનું કોઇ કામ પ્રયોજન નથી. સુક્ષેત્ર-શુદ્ધસત્તારૂપ તેને વિષે વર્તવું; સ્વસમય સ્વદ્રવ્યપણું તેને વિષે જે 'ગમન' કહેતાં પરિણમન-તે લક્ષ લક્ષણ વિષે એકી ભાવ તે ન જાણે તો અતિદુર્લભ અહો જીવ ! स्वायत्तं स्वपदं एव ઇતિ વચનાત્. ૧૨

દુહા-'સો' કહેતાં તે એક જ જે અંતર્જ્ઞાન લોચનરૂપ દ્વાદશભાવના તે સુણી-જાણી-સદ્દહીને જે જીવ અંતર્ગત ચિત્તમાંહિ ઉલ્લાસ પામે, રોચક ભાવે વારંવાર સ્મરે, ધર્મે પરિણમવું એવો દ્રવ્યભાવ શુદ્ધોપયોગી શુદ્ધાત્મા કાર્યકર્ત્તા તે પંડિત જાણે તું, ઓર સર્વ કર્તવ્ય અકર્તવ્ય અકૃતાર્થરૂપ જાણવા ૨.

પોતે આ સિદ્ધત્વાવસ્થારૂપ તે દ્રવ્ય શુદ્ધસત્તાવગાહનસુક્ષેત્ર તે સત્તાએ પરિણમવું એ સ્વકાલ કહીએ, અને પોતાની શુદ્ધ સત્તાએ પરિણમન શકિત રૂપ જે પરિણામ તે સ્વસ્વભાવ ત્યાં જે લીન-તત્પર-સાવધાન, તે માટે પ્રગટ થઇ છે સહજ શકિત ત્યાં નથી ભાસતું અન્યપણું ને નથી ભાસતું દીનપણું. ૩

પોતાના ગુણ પોતાની સત્તા તેને જાણવાથી શાંત થઈ છે ચારે દિશા એટલે સર્વ ઉપાધિ ઉપદ્રવ્ય ટલ્યા છે અને તે પોતાના ગુણ સત્તાને વિના જાણે એવી હુંતી જે જ્યાં ત્યાં 'સોર'-દ્વંધ લાગતો હતો. ૪

'સોર'-વાદવિવાદ સંશયાદિ દ્વંધ ગયો ચાર દિશાનો અને અજ્ઞાન દશારૂપ તૃષા તે વીતી ગઇ, નિજગુણ સત્તાને જાણવાથી નિર્મલ દ્રષ્ટિ સ્વસંવેદન જ્ઞાનાનુભવ 'વિહાણું'-પ્રભાત થયો છે. ૫

તે પ્રભાતોદયથી નિર્મલ પ્રકાશે શુભાશુભ કર્મની ઉદય ગતિ પ્રતિસમયે સમયે પોતાને રસે લીન-તત્પરથકી અને ઉદયગતિને સાક્ષીભૂત કહેતાં તમાસગીર થકાં દેખે છે. કર્મ નાટક પ્રતિ જ્ઞાનપ્રવીણજીવ જ્ઞાનની કહાણી-કથા તે અકથ એટલે કહી ન જાય. જાણવા રૂપ છે, કહેવા સુણવાની નથી. તે આપસ્યું આપણેજ પામીએ, જ્યારે દેખે ઘટમાંહી દ્રષ્ટિ દઇને..

ઇતિ શ્રી અલ્લુકૃત ૧૨ ભાવના સમાપ્ત. સંવત ૧૮૦૦ વર્ષે શાકે ૧૬૬૫ પ્રવર્ત્તમાને પોસ શુદિ ૧૨ દિને ઇતિ શ્રેયઃ અલ્લુકૃત ભાવનાયા બાલાબોધો યથામતિ કર્મસિંહેન મુનિના પરોપકૃત્યે કૃતઃ ૧ પત્ર ૯ પ્રત નં. ૬૩૪ શ્રી મુકિતકમળ શ્રી મોહન જૈન જ્ઞાનમંદિર-વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

૧ **આદર્શ સાધુ**—સ્વર્ગવાસી મહાત્મા આચાર્ય **શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીનું** જીવનચરિત્ર ઇગ્લીશ ભાષામાં આ શહેરના ફર્સ્ટક્લાસ માજીસ્ટ્રેટ સાહેબ ન્યાયમૂર્તિ એ. જે. **સુનાવાલા** બી. એ. એલએલ. બી. સાહેબે **સરલ,** આકર્ષક અને સુંદર રીતે લખેલ છે. લેખક સુનાવાળા સાહેબ જેમ અહિંના ન્યાયખાતાના નિષ્ણાત છે તેમજ આ મહાન્ પુરૂષના પરિચયમાં આવેલા તેમજ આ મહાત્માના જીવનના અનેક પ્રસંગોનો સંપૂર્ણ અભ્યાસ કરીને જ આ વિદ્વત્તાપૂર્ણ ચરિત્ર લખેલ છે. જેમ આ ચરિત્ર વિદ્વાન્ મનુષ્યને હાથે લખાયેલ છે તેમ તેની પરફેક્ટરી નોટ લંડન ઓક્ષફર્ડ યુનીવરસીટીના પ્રોફેસર એફ. ડબલ્યુ થોમસ સાહેબ અને ફોરવર્ડ સીલવેન લેવી ફ્રાન્સની કોલેજના પ્રોફેસર યુરોપીઅન બંને વિદ્વાનોએ લખેલ હોવાથી એક ઘણું જ ઉપયોગી ચરિત્ર લખાયેલ છે. આ ચરિત્ર સુંદર અને દરેક પ્રસંગોનું વર્ણન સંકલનાપૂર્વક લખાયેલ હોવાથી તે ખરેખર મનનીય, આહ્લાદ ઉત્પન્ન કરે તેવું હોવાથી ગુજરાતી ભાષાના જાણ જૈન–જૈનેતર મનુષ્યો માટે તેનો ગુજરાતી અનુવાદ કરાવી પ્રકટ અને પ્રચાર થવાની જરૂર છે. ઉંચા કાગળો ઉપર ઈંગ્રીશ ટાઇપમાં કેમ્બ્રીજ યુનીવરસીટી પ્રેસ લંડનમાં સરસ રીતે છપાયેલ છે. યુરોપીય વિદ્વાન અભ્યાસકોએ પણ જેની પ્રશંસા કરેલ છે આ બુક દરેક મનુષ્યને પઠન–પાઠન માટે ઉપયોગી છે. પ્રકટ કરવા માટે આર્થિક સહાય આપનારે પણ ગુરૂભક્તિ દર્શાવી છે. ગુજરાતી અનુવાદ કરી પ્રકટ કરવામાટે અમો ગુરૂરાજશ્રીના પરિવાર મંડળને નમ્ર વિનંતિ કરીએ છીએ.

૧ ચાર સુંદર સંવાદો—
૨ જાપાનનો જ્વાળામુખી.
} સંપાદક મણીલાલ નાનાલાલ. પ્રકાશક શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ—આ કાર્યાલય તરફથી બાળકોને ઉપયોગી થાય તેવું સચિત્ર વાંચન વિદ્વાનો પાસે તૈયાર કરાવી પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધી બાળસાહિત્યની ખામી હતી તે આથી પૂરી પડે છે. બાળગ્રંથાવળી નંબર ૧૬ અને ૧૭ નંબરો અનુક્રમે આ પ્રકટ થાય છે. પોતાના બાળકો માટે પ્રાથમિક વાંચન તરીકે આ ઉપયોગી ગ્રંથો છે. કિંમત દરેકના ત્રણ આના યોગ્ય છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

## રીપોર્ટો.

**૧ શ્રી પાલીતાણા ગૌરક્ષા સંસ્થા**—સં. ૧૯૯૦ ના ચૈત્ર વદિ ०)) ત્રણ વર્ષ સુધીનો રિપોર્ટ પ્રકટ થયો છે. સામાજિક રીતે આ જીવદયાનું કાર્ય તેની કમીટી સેવાભાવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. વ્યવસ્થા અને વહીવટ ચોખવટવાળો અને યોગ્ય છે. કોઇ પણ રીતે દરેક કામે મદદ આપવા જેવું છે.

૨ **શ્રી જૈન વીસશ્રીમાળી જ્ઞાતિ દવાખાના—અમદાવાદનો** એક વર્ષનો રિપોર્ટ અને હિસાબ જૈન વિસાશ્રીમાળી મેડીકલ રીલીફ કમીટીની મંજુરીથી શ્રી માનદ મંત્રીઓ ચંદુલાલ પ્રેમચંદ બી. એ. તથા સારાભાઇ પોપટલાલ ગભરાવાળાએ પ્રકટ કર્યો છે. જ્ઞાતિ માટે આશીર્વાદ સમાન આ ખાતાની વ્યવસ્થા, દેખરેખ રિપોર્ટ વાંચતાં સુંદર જણાય છે. અમદાવાદ જેવા પ્રવૃત્તિ અને ખર્ચાળ તથા મોંઘવારીવાળા મોટા શહેરમાં દરેક જ્ઞાતિના માટે આવા મનુષ્યને રાહત આપવાવાળા ખાતાની જરૂર હોય છે ત્યાં આ જ્ઞાતિ તરફથી ચાલતા દવાખાનાની જરૂરીયાત આવશ્યક્તા ઉપયોગિતા કેટલી છે તે જણાયું છે. અમદાવાદ જેવા સ્થાનિક ઉદ્યોગશાળી અને જ્ઞાતિમાં અનેક ધનાઢ્ય વીસાશ્રીમાળી બંધુઓ છતાં હજી આ દવાખાનાને ઘરનું મકાન નથી થતું તે નવાઇ છે, કે જેની હવે ખાસ જરૂરીયાત છે. દર વર્ષના પ્રસિદ્ધ થતા રિપોર્ટ પરથી તેમાં સુધારોવધારો અને રાહતના સાધનો વધતાં જાય છે, તે ખુશી થવા જેવું છે. દરેક બંધુઓએ મદદ આપવાની જરૂર છે. અમો તેની પ્રગતિ ઇચ્છીએ છીએ.

૩ **લેડી વીલીંગ્ડન અશક્તાશ્રમ અને દવાખાના. સુરત**—નો સં. ૧૯૩૩ ની સાલનો રિપોર્ટ મેનેજીંગ કમીટીની મંજુરીથી તે સંસ્થાના પ્રમુખ શ્રી શેઠ દલીચંદ વીરચંદે પ્રકટ કરેલ અમોને મળ્યો છે. પૂર્વકર્મના કઠીન કર્મસંયોગે દરેક શહેર યા ગામમાં અશક્ત મનુષ્યો હોય છે અને આવા આશ્રમો તેમને માટે દરેક શહેર યા ગામમાં હોવા જોઇએ; છતાં સુરત શહેરમાં આવા સંપૂર્ણ મનુષ્યની દયા—અનુકંપા માટે આ ખાતાની વ્યવસ્થા સુંદર હોવા સાથે વહીવટ પદ્ધતિસર યોગ્ય રીતે ચલાવતાં તેની કમીટી કાર્યવાહકોની મનુષ્ય દયા માટે આ અનુપમ સેવા છે. સુરતજનાર દરેક મનુષ્યે આ ખાતાની મુલાકાત લેવાની જરૂર છે અને બધી રીતે મદદને પાત્ર આ ખાતું છે. વિસ્તારપૂર્વક આ રિપોર્ટ વાંચતાં આ ખાતું જેમ મદદને પાત્ર છે તેમ તેની વ્યવસ્થા અને સેવા અભિનંદનીય, અનુકરણીય, અનુમોદનીય છે. અશક્ત મનુષ્યો માટે દરેક શહેરમાં દયાળુ મનુષ્યોએ પોતાની લક્ષ્મીનો ફાળો આવા આશ્રમો ખોલી આપવાનો છે. અમો આ ખાતાની ઉન્નતિ ઇચ્છીએ છીયે અને કોઇ પણ પ્રકારની મદદ દરેક શહેર યા ગામના મનુષ્યને આપવા નમ્ર સુચના કરીએ છીએ.

૪ **ગીરનારજી જીર્ણોદ્ધાર.**—ગીરનારજી જીર્ણોદ્ધારનો સંવત ૧૯૮૮ સુધીનો બે વર્ષનો રિપોર્ટ પારેખ ડાહ્યાલાલ હકમચંદ તથા દોશી નેમચંદ લવચંદ તરફથી અમોને મળ્યો છે. જે વહીવટ કમીટી મારફત ચાલેલ છે.

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી મહારાજના ઉપદેશથી જ આ કાર્યની શરૂઆત અને આર્થિક સહાય મળવાથી ત્યાંની કમીટીએ આ કાર્ય ઉપાડી લીધું અને અત્યાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધીમાં સંપૂર્ણ દેખરેખ તળે રૂા. ૪૪૪૧૭૦-૯-૪ નો ખર્ચ યોગ્ય રીતે કરી આ તીર્થની ખરેખરી ભક્તિ કમીટી તથા આર્થિક સહાય આપનારે કરી છે. તેમાં વિશેષ ભાઇ ડાહ્યાલાલ હુકમચંદે ત્યાંની રેલવે ખાતામાં એક ઓફીસર હોઇ કામનો બેજો વિશેષ હોવા છતાં ત્યાં યોગ્ય લાગવગનો ઉપયોગ કરી જાતિભોગ આ કાર્યમાં આપેલ છે, જેથી તેઓ ધન્યવાદને પાત્ર છે. નવા જિનમંદિરો કરાવવા પહેલાં આવા પ્રાચીન તીર્થોના ઉદ્ધાર, સંરક્ષણ, મરમત, આશાતનાત્યાગ એ બધા માટે ભોગ આપવો-સેવા કરવી પ્રથમ કર્તવ્ય છે અને તે રીતે આ પ્રાચીન તીર્થના ઉદ્ધારની જરૂરીયાત પૂરી પાડવાનો આ શુભ પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. આવા તીર્થોના ઉદ્ધાર માટે દરેક મુનિમહારાજે ઉપદેશ આપવાની જેમ જરૂરીયાત છે તેમ નિસ્પૃહી રીતે સેવાભાવે લાગણીપૂર્વક કામ કરનાર કાર્યવાહકો પણ તૈયાર થવાની જરૂર છે દરેક તીર્થનું જીર્ણોદ્ધારનું કાર્ય આ રીતે થવા જરૂર છે. અમો આ તીર્થના બાકી રહેલા ઉદ્ધારના કાર્ય માટે દરેક જૈન બંધુઓએ મદદ આપવાની સુચના કરીયે છીયે.

## વર્તમાન સમાચાર.

### હિંદના જૈન બંધુઓને નમ્ર વિનંતિ.

બિહાર પ્રાંતમાં થયેલ ધરતીકંપને લઇને રાજગીરી, પાવાપુરી, ચંપાપુરી, ગુણીયાજી, કુંડલપુર વગેરે સ્થળે જિનાલય તથા ધર્મશાળાને નુકશાન થયું છે તે માટે બેંગાલ વગેરેના જીલ્લાના પ્રતિષ્ઠિત જૈન બંધુઓની એક કમીટી તેનું સમારકામ કરવા વગેરે માટે નિમાયેલ છે તે કમીટીના માનવંતા સેક્રેટરી શ્રીમાન્ બાબુસાહેબ બહાદુરસિંહજી સિંધી સાહેબ તરફથી તેને લગતી હકીકત અને શુમારે એક લાખનો ખર્ચ તે માટે થાય તેમ છે. તે માટે હાલમાં એક હસ્તપત્ર અને જે વિભાગને નુકશાન થયેલ છે તેના ફોટાઓ પ્રકટ કરી જૈન સમાજને અપીલ કરી છે, જેથી શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી અને હિંદના દરેક જૈન બંધુઓએ એ અપીલનો સ્વીકાર કરી જલદી આર્થિક સહાય નીચેના સ્થળે મોકલી આપવા અમે નમ્ર વિનંતિ કરીએ છીએ.

**બાબુસાહેબ બહાદુરસિંહજી સિંધી.**
ઠે. ૧૧૬ લોઅર સરક્યુલર રોડ—**કલકત્તા**

### આચાર્ય શ્રીમદ્ વિજયકમળસુરિશ્વરજી મહારાજની જયંતી.

ગત આશો શુદ ૧૦ બુધવારના રોજ આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી ગુરૂભક્તિ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સવારના નવ વાગે મોટા જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી તથા આંગી રચાવી હતી. બપોરના બાર વાગે સભા તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

### સુધારો.

ગયા અંક પૃષ્ઠ ૨૮ માં આવેલ કવિતાની પાંચમી લાઇનમાં " વિષયશાસ્ત્ર " એ શબ્દને બદલે " વિજયશાસ્ત્ર " એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાળરાજાનો રાસ.

### ( સચિત્ર અર્થ સહિત. )

આજ સુધીમાં પ્રગટ થયેલ રાસો કરતાં આ રાસમાં ઘણી નવીનતાઓ હોવાથી સર્વ સ્થળે ઉપયોગી મનાયો છે. ઓળીના અંગે ઉપયોગી દરેક વિધિવિધાનો, સ્નાત્રો, પૂજાઓ સાથે આપવામાં આવેલ હોવાથી આ એક જ પુસ્તકથી આરાધન થવા સાથે રાસ પણ સાથે વંચાય છે.

શ્રીનવપદમંડળ, શ્રીસિદ્ધચક્રયંત્ર, અને પ્રસંગોને બંધબેસતા અને પુંઠા ઉપરના મળી ચૌદ વિવિધ રંગની છબીયો, ગુરૂભક્તિ નિમિત્તે બે ગુરૂમહારાજની છબીયો વગેરે સાથે આપવામાં આવેલ છે. ઉપયોગી સંગ્રહ, સુંદર કાગળ, દળદાર અને મનહર મજબુત બાઇડીંગ એવા અનેક આકર્ષણો હોવા છતાં ખપી જીવોની સગવડ માટે ઓછી કિંમત રાખવામાં આવેલ છે. ઉંચા કપડાના બાઇડીંગના રૂા. ૨-૮-૦ ચાલુ કપડાના બાઇડીંગના રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

---

### શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

---

( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત, રસિક કથા ગ્રંથ. )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીધનેશ્વર મુનિ છે, કે જેઓશ્રીએ સં. ૧૦૯૫ માં આ કથાની રચના કરી છે, જે જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ તમામ સાચવી, મૂળ ગ્રંથકર્તાનો આશય સાચવી સરલ રીતે આ ગ્રંથની સંકલનાપૂર્વક રચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર), પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટ્રીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાની સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## "નવું પ્રકટ થતું જૈન સાહિત્ય."

૧ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત સંશોધન કર તદ્દન શુદ્ધ રીતે બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાનાનો એન્ટીક ઉંચા કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપોથી છપાવેલ છે બાઇડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત મજબુત કપડાથી તૈયાર થાય છે. આવતા માસમ તૈયાર થઇ જશે. કિંમત રૂ. ૨-૦-૦ ( મુદ્દલથી પણ ઓછી. ) પોષ્ટેજ જુદું પાંચમો-છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે.

# શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

# श्री बृहत् कल्पसूत्रम्-

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત )

[ પુસ્તક ૧ લું, પીઠિકા ]

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે ? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે ? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે.

ઉંચા લેઝર પેપર ઉપર, સુંદર વિવિધ શાસ્ત્રી અક્ષરોથી શ્રી નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુશોભિત કપડાનું મજબૂત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના.

### અમારા ગ્રાહકોને નમ્ર સૂચના.

આ અંક સાથે સંવત ૧૯૯૧ ની સાલનું જૈન પંચાંગ ભેટ આપવામાં આવેલ છે અન્ય માટે કિંમત અરધો આનો.

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only